ગાંધીનગર સમાચાર


ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૯૨ ટકા

# શહેરના રાજમાર્ગો પદયાત્રીઓથી ઉભરાયા

## આજે શહેરમાંથી લાખો ભાવિકો પસાર થયા, જય અંબેના નારાથી શહેરનું ગગન ગુંજી ઉઠ્યું

ગાંધીનગર, તા.૨૯

શ્રાવણ મહિનામાં ભોળાનાથની ભકિત આરાધના બાદ હાલ શ્રીજીની પૂજા અર્ચના અને શકિતની ઉપાસના કરવામાં ભાવિકો તલ્લીન બન્યા છે. ભાદરવી પૂનમ નજીક આવતા માર્ગો પર અંબાજી પગપાળા જતા ભાવિકોનો ધસારો વધી રહ્યો છે. આકરો તાપ હોય કે વરસતા વાદળો પરંતુ મનમાં અતુટ શ્રદ્ધાનું ભાથુ


ખેડા જિલ્લાના માતર તાલુકાના અસલાલી ગામના ભકતો

બાંધી શકિતના દર્શનાર્થે માર્ગો પર પગપાળા નીકળી પડ્યા છે. ભાવિકોની સેવા કાજે અનેક ઠેકાણે સેવાકેન્દ્રો પણ ધમધમી રહ્યા છે. હાથમાં ધજા અને માતાજીના દિવ્ય રથ સાથે પગપાળા અંબાજી તરફ પ્રયાણ કરતા પદયાત્રીઓ શકિતના ગુણગાન સાથે ગરબાની પણ રમઝટ માણે છે. ત્યારે નગરના રાજમાર્ગો પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યા છે. શહેરના માર્ગો જયઅંબે જયઅંબેના નારાથી ગુંજી રહ્યા છે. નાના બાળકથી લઈ મોટીવયના પદયાત્રીઓ પણ શહેરમાંથી પસાર થતા નજરે પડે છે. ત્યારે આગામી સમયમાં પણ બે ત્રણ દિવસ ભકતોનો ધસારો જોવા મળશે. ત્યારે કેટલાક ભકતો વર્ષોથી માતાજીની અતુટ શ્રધ્ધાને પગલે શહેરના માર્ગો પરથી પસાર થઈ રહેલા ભકતો નજરે પડી રહ્યા છે.

● ખેડા જિલ્લાના માતર તાલુકાના અસલાલી ગામથી ૨૧ વ્યકિતનો સંઘ દર વર્ષે અંબાજી જવા માટે પગપાળા નીકળે છે. ૭ વર્ષથી અંબાજી નિયમિત રુપે ગામના બધા જ નાગરીકો જાય છે. સાતમના રોજ નીકળે છે અને તેરસના રોજ અંબાજી પહોંચે છે. ૩૦૦ થી વધુ કિ.મી.નું અંતર માત્ર પાંચ દિવસમાં કાપીને પૂનમભાઈ,ગોરધનભાઈ, કુંવરસંગ, શંકરલાલ, હર્ષદભાઈ સહિતના ભકતો અંબાજી પહોંચે છે. ત્યારે આજે ગાંધીનગરના ચ માર્ગ પરથી પસાર થયા હતા.

● અંબાજી ખાતે પગપાળા ભકતો સમગ્ર ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજયોમાંથી પણ આવે છે. ત્યારે છેલ્લા ૧૨ વર્ષથી પૂનાથી


પૂનાના ભકતો

ભકતો માતાજીના દર્શને આવે છે. પૂનાથી અમદાવાદ અને ત્યારબાદ ચાલતા અંબાજી ભકતો પહોંચે છે.


મેહડાઉના ભકતો

રોજનું ૫૦ કિમી નું અંતર કાંપીને રાજપાલ રાઠોડ, સુરેન્દ્ર, વીકી, બોબી, રાજ, જયેશ સહિતના યુવાનો માતાજીની ભકિત કરતા કરતા ચાલતા અંબાજી પહોંચે છે.

● મેહડાઉ થી ૮ વ્યકિતનો સંઘ છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત નીકળે છે. ગમે તેવી સ્થિતિમાં પણ ભકતો માતાજીના મંદિરે અંબાજી ખાતે પહોંચે છે. છઠ્ઠના રોજથી પ્રસ્થાન થયેલા નાગરીકો રોજનું ૪૦ કિ.મીનું અંતર કાંપીને અંબાજી પહોંચે છે. આ સંઘમાં ડાહ્યાભાઈ, બબાભાઈ, રમેશભાઈ,તેમજ પ્રકાશભાઈ સહિતના નાગરીકોનો સમાવેશ થાય છે. ત્યારે વરસાદી વાતાવરણ અને ગરમી વચ્ચે ભકતો ચાલતા નજરે પડ્યા હતા.

● શહેરના માર્ગો આજે ભકતોથી ઉભરાયા હતા. ત્યારે જય અંબેના નારાથી શહેર ગુંજી ઉઠ્યું હતું. ત્યારે ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોદજ ગામ થી પાંચમના રોજ નીકળેલ


મોદજ ગામના ભકતો

ભકતો બારશના રોજ અંબાજી પહોંચે છે. છેલ્લા ૧૨ વર્ષથી નિયમિત રીતે તેઓ અંબાજી પગપાળા જઈને માતાજીની ભકિત કરે છે. ત્યારે આજે શાંતિલાલ રતિલાલ ચૌહાણ તેમજ મિત્રો શહેરમાંથી મા અંબાના દર્શનાર્થે જવા પસાર થયા હતા.

● અંબાજી ખાતે કેટલાક ભકતો સંઘમાં જાય છે તો કેટલાક ભકતો એકલા જ જતા હોય છે. ત્યારે વાસદ થી છેલ્લા પાંચ વર્ષથી એકલા પત્ની સાથે જતા કલ્પેશગીરી રતિગીરી ગોસ્વામી માત્ર પાંચ દિવસના ટુંકા ગાળામાં સતત ચાલીને અંબાજી પહોંચે છે.

● અમદાવાદના બાપુનગર ખાતે રહેતો નાનકડો છોકરો જતિન કિરણ ઠાકોર માત્ર ૧૪ વર્ષની ઉંમરનો છે અને છેલ્લા ૫ વર્ષથી ચાલતો જાય છે. આઠમના રોજ અમદાવાદથી નીકળીને ચૌદશના રોજ અંબાજી માતાજીના ધામમાં પહોંચે છે. પોતાના ફેમીલી સાથે માતાજીના ગુણગાન ગાતો અને આરામથી ચાલતો આ નાનકડો


કલ્પેશગીરી ગોસ્વામી

યુવાન પણ શહેરમાંથી આજે પસાર થયો હતો.

● અમદાવાદ પાસે આવેલા સીંગરવાના વતરની સોમીબેન ગગાજી ઠાકોર છેલ્લા ૧૮ વર્ષથી ચાલતા અંબાજી જાય છે. તેઓની


જતિન કિરણ ઠાકોર

સાથે તેમના પરિવારના માત્ર ૩ સભ્યો પણ ચાલતા અંબાજી જાય


સોમીબેન ગગાજી ઠાકોર

છે. મોટી વયના હોવા છતા ચહેરા પર કોઈ પણ પ્રકારનો થાક નજરે પડતો નહોતો. આજે સવારે સીંગરવાથી નીકળેલા સોમીબેન આજે ગાંધીનગરથી પસાર થઈને રાત્રે ગોઝારીયા પહોંચી જશે તેમ જણાવ્યું હતું.

## @ગાંધીનગર

● સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા આયોજિત ગણેશોત્સવમાં શાળા કોલેજના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં ગોલ્ડન ચીયર્સ પાર્ટી દ્વારા રાસ ગરબા યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા ગણેશ મહોત્સવમાં બપોરે ૩થી ૫ કલાક ભજન અને રાત્રે ૮.૩૦ કલાકે સમૂહ આરતી અને આરતી સુશોભન સ્પર્ધા, ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

● શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા મહાકાળી મંદિર રાંધેજા ખાતે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● સિવિલ હોસ્પિટલ કેમ્પસ ગાંધીનગર ખાતે સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન નેજા ચઢાવવામાં આવશે.

● સુંદરધામ હનુમાનજી મંદિર સેવા કેમ્પ રાંધેજા ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

## શહેર ભાજપના સેવા કેન્દ્ર પર મહાપ્રસાદનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

અંબાજી પગપાળા જતા ભાવિકો માટે ચ-૩ સર્કલ પાસે શહેર ભાજપ દ્વારા સેવા કેન્દ્રનો પ્રારંભ કરાયો છે. આ સેવા કેન્દ્ર ખાતે મંગળવારે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવા કેન્દ્ર પર ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, રૂચિર ભટ્ટ, કનુભાઈ દેસાઈ, પંકજજી ઠાકોર તેમજ કોર્પોરેટરો નીલાબેન શુકલ, હર્ષાબા ધાધલ તેમજ પ્રવિણાબેન દરજી ઉપરાંત કુ. દર્શના ઠાકર તેમજ કાર્યકરોએ પગપાળા યાત્રિકોને મહાપ્રસાદનું વિતરણ કરી સેવા આપી હતી.

## સે-૫-સી નવરાત્રિ મહોત્સવ સમિતિના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૫-સી નવરાત્રિ મહોત્સવ સમિતિએ ૨૦૧૭ની નવરાત્રિની ભવ્ય ઉજવણી માટે સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરેલ છે. જેમાં પ્રમુખ-કમલેશસિંહ વી. ગોલ, મંત્રી-ભરતસિંહ સી. ગોલ, ખજાનચી-સમરથદાન જે. ગઢવી અને ઉપપ્રમુખ તરીકે વાસુદેવભાઈ મિસ્ત્રી, માનસિંહરાવ, બળદેવભાઈ દેસાઈ, મહેન્દ્રભાઈ જે. પરમાર તથા કિર્તિસિંહ વાઘેલાની વરણી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સહમંત્રી તરીકે જેસંગભાઈ રાવળ, ઓડીટર તરીકે ગોવિંદભાઈ ચૌધરી અને કારોબારી સભ્ય તરીકે વિરમભાઈ દેસાઈ, મનન ત્રિવેદી, ગૌરાંગ જોષી, રાજેશભાઈ ચૌહાણ, દશરથભાઈ પટેલ, છગનભાઈ દેસાઈ, પી.કે. પટેલ, હસમુખભાઈ સુતરીયા, મુળજીભાઈ ઉપાધ્યાયની વરણી કરવામાં આવી છે.

# સિવિલમાં ઓર્થોપેડિક ઓટીનું આઈઆઈટીવી મશીન ખોટવાયું

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક ઓપરેશન થિયેટરમાં દર્દીઓના ઓપરેશન સમયે અતિ મહત્વનું આઈઆઈટીવી મશીન છેલ્લા પખવાડીયાથી ચાલુ બંધ થાય છે. જેને પગલે ઓર્થોપેડિકના દર્દીઓને ખુબ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ગમે ત્યારે ઓટીનું આ મશીન બંધ રહેતા દુર દુરથી ઓપરેશન માટે આવેલા દર્દીઓને વીલા મોં એ પરત ફરવાનો વારો આવે છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજના અન્વયે છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સેવાઓ સુદ્રઢ બને તે માટે તંત્ર દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં જ દિવા તળે અંધારું હોય તેવો ઘાટ ઘડાયો છે. સીટી સ્કેન મશીન છેલ્લા બે વર્ષથી બંધ છે. સોનોગ્રાફી માટે દર્દીઓને એક મહિના સુધી રાહ જોવી પડે છે તો બીજી તરફ એકસ-રે મશીન પણ ગમે ત્યારે બંધ ચાલુ થાય છે. હોસ્પિટલમાં રોજ નિતનવી સમસ્યા ઉદભવે છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે જેમાં સૌથી વધુ દર્દીઓ ઓર્થોપેડીક વિભાગના હોય છે. હાથ પગે ઈજા પામેલા દર્દીઓના ઓપરેશનમાં અતિ મહત્વનું આઈઆઈટીવી મશીન હોય છે જેમાં એકસ-રે જોઈને ડોકટર દ્વારા ઓપરેશન કરવામાં આવે છે. આ મશીન ઓપરેશન સમયે ડોકટર માટે અતિ મહત્વનું સાબિત થાય છે. ત્યારે આ મશીન બંધ રહેતા છેલ્લા પખવાડીયામાં કેટલાક ઓપરેશન રદ કરવાની ફરજ ડોકટરને પડી છે. જયારે દુરદુરથી તારીખ આપવામાં આવતા ઓપરેશન માટે આવેલા દર્દીઓ મશીન ખોટવાતા વીલા મોં એ પરત ફરવું પડે છે. જેને પગલે દર્દીઓને ડોકટર પણ કયારે ઓપરેશન થશે અને કયારે નહી થાય તે ચોક્કસ પણે કહી શકતા નથી. દર્દીઓના ઓપરેશન રદ થતા બહારગામથી આવેલા દર્દીઓ રોષે ભરાયેલા જોવા મળ્યા હતા. ત્યારે ઓર્થોપેડિક ઓટીનું આઈઆઈટીવી મશીનનું યોગ્ય રીપેરીંગ કામ હાથ ધરવામાં આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**જાગૃતિ દિવાકર પંડ્યા**

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
શિવરંજની, કલાગુર્જરી, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સંસ્કૃતિ, જી ઈ કલબ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા, શહેર પ્રત્યે સંવેદના અને યુવાવિકાસના નક્કર કાર્યક્રમોની જરૂરિયાત અનુભવી રહી છું.

**નગર માટે હું કરી શકું**
શિક્ષણ અને રોજગારના ઉપક્રમો માટે મારી સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

## આજે પોર ગામે રામદેવપીરનો મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા પોર ગામે રામદેવપીરનું પૌરાણિક મંદિર આવેલું છે. આ મંદિર ખાતે ભાદરવા સુદ ૯ ને તા.૩૦ ઓગસ્ટના રોજ મેળો ભરાય છે તેમજ ગામમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ દિવસ દરમિયાન યોજાય છે. રામદેવપીરના નેજા ચઢાવવામાં આવશે. આ ધાર્મિક પ્રસંગે સૌ ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા ગામના સરપંચ કાનાજી શકરાજી ઠાકોરે અનુરોધ કર્યો છે.

## બોર્ડ-નિગમના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ આપવા રજુઆત

ગાંધીનગર, તા.૨૯

બોર્ડ નિગમ-સરકારી સાહસો પૈકી ૩૫ બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. જયારે હજુ પણ ૧૫ જેટલા બોર્ડ નિગમો વંચિત રહી ગયા છે. સાતમું પગારપંચ મેળવવા તમામ બોર્ડ નિગમના કર્મચારીઓ ચંગે ચઢ્યા હતા. તેમાં હજુ પણ કેટલાક બોર્ડ નિગમને સાતમા પગારપંચમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જેને પગલે કર્મચારી મહામંડળ દ્વારા બાકી રખાયેલા બોર્ડ નિગમને પણ સાતમાં પગાર પંચનો લાભ મળે તે માટે મુખ્યમંત્રી સુધી લેખિત રજુઆત કરી છે. રાજય સરકાર દ્વારા અગાઉ કમાણી કરતા ૩૫ બોર્ડ નિગમના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ આપી દેવાયો છે. ત્યારે નબળા વર્ગના ઉત્કર્ષ અને ઉત્થાન માટે કામગીરી કરતા ૧૫ જેટલા બોર્ડ નિગમો કાર્યરત છે. જેમાં વહીવટી સ્ટાફ પણ મર્યાદિત સંખ્યામાં હોવા છતા આ બોર્ડ-નિગમોના સ્ટાફને પગારપંચથી સરકાર દ્વારા વંચિત રાખવામાં આવ્યા છે.આ નિગમો નાગરીકોની આવશ્યક સેવાઓ માટે કામગીરી કરતા હોવાથી નિગમો આવકો મેળવતા નથી. સરકાર દ્વારા આ બોર્ડ નિગમોને સાતમા પગારપંચનો લાભ ઝડપથી આપવા માટે ગુજરાત રાજય બોર્ડ નિગમ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ દ્વારા મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલને લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું મંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું હતું.

## જીઈબી સામે કાચા છાપરામાં જાહેર રસ્તા પર દબાણકર્તા માર્ગ બંધ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન અતિ મહત્વનો બની ગયો છે. શહેરને દબાણે અજગરી ભરડો લીધો છે. દબાણની વાત આવતા તંત્રના અધિકારીઓ પણ માથા ખંજવાળતા નજરે પડે છે. ત્યારે જીઈબી સામે વર્ષોથી કાચા છાપરા આવેલા છે. જેમાં છાપરાવાળાઓને આવન જાવનનો રસ્તો આવેલ છે. આ રસ્તા પર આગળના છાપરાવાળાએ પાંકુ દબાણ કરી લેતા અન્ય છાપરામાં રહેતા નાગરીકોને અડધો કિલોમીટર ચાલીને જવાની ફરજ ઉભી થવા પામી છે.ત્યારે આ માર્ગ ખુલ્લો કરવા માટે તંત્ર સમક્ષ શ્રમિક પરિવારો પોંકાર નાંખી રહ્યા છે. તંત્ર દ્વારા માર્ગ પરનું દબાણ દુર કરીને માર્ગ મોકળો કરી આપવા નાગરીકોએ કલેકટર તેમજ મનપાના કમિશનરને રજુઆત કરી છે. જયારે આ માર્ગનો કાયમી ઉકેલ તંત્ર દ્વારા નહીં લાવવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી છે.

જીઈબી મેઈન ગેટ પાસે કાચા છાપરા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દબાણ કરતા છાપરા ધારક સફાઈ કામદાર તરીકે સરકારી નોકરી કરે છે. સેકટર-૨૨માં સરકારી આવાસમાં વસવાટ કરે છે. તેમ છતા જીઈબી પાસે છાપરાની જગ્યા રાખેલ છે. છાપરા વિસ્તારમાં ચાલવા માટે બે ઘર વચ્ચે જગ્યા હોય છે. ત્યારે આ પગદંડી માર્ગમાં પાકુ સંડાસ-બાથરૂમનું દબાણ ઉભુ કરીને માર્ગ બંધ કરવામાં આવતા છાપરા ધારકોમાં રોષ ફાટી નીકળ્યો છે. આ ગેરકાયદેસર બાંધકામને પગલે અન્ય છાપરામાં રહેતા નાગરીકોનો માર્ગ બંધ થઈ જવા પામ્યો છે. મારી પહોંચ ઉપર સુધી છે, મારુ બાંધકામ કોઈ તોડી શકશે નહી તેવું કહી અન્ય છાપરાવાળાઓને ધાક ધમકી આપતા આ શખ્સનું પાકું નડતરરુપ દબાણ તોડી પાડવા સ્થાનિક નાગરીકે કલેકટર તેમજ મનપાના કમિશનરને લેખિત અરજી આપી રજુઆત કરી છે. જો આ ગેરકાયદેસર પાંકુ બાંધકામ તોડી પાડવામાં નહી આવે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ સ્થાનિક નાગરીકે ઉચ્ચારી છે.

# ગણેશોત્સવ નિમિત્તે મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ








ગાંધીનગર, તા.૨૯

સાર્વજનિક ગણેશ મહોત્સવ, સે-૨૨માં સતત ચોથા દિવસે બપોરે ૧.૩૦ વાગ્યે જયોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલ્દી કંકુ, ભજન, આરતી સુશોભન અને ફૂલદાની સુશોભન જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. સ્પર્ધાના ઈનામ વિતરણ પ્રસંગે મુખ્ય મહેમાન કૌશલ્યાબેન પરીખ, ગણેશ મહોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ અને અતિથિ વિશેષ ડૉ. તેજલ દલાલ, ડૉ. બિંદી ગજ્જર, શ્રીમતી નિરાલી ધનંજય જોશી ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરપાલિકાની ૭ કોર્પોરેટર બહેનોએ ખાસ હાજરી આપી હતી. સંસ્થાના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસી હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સ્વાગત પ્રવચન જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ તેમજ સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસે અભિનંદન શુભેચ્છા પાઠવી કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન કિન્નરી દવેએ કર્યુંહતું. તેમજ આભારવિધિ હર્ષાબેન ધાધલે કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં નીરૂબેન નાયક દ્વારા લ્હાણી વિતરણ કરાયું હતું. કોકીલાબેન નાયક, મમતાબેન રાવલ, તારાબેન પટેલ, શાંતાબેન શ્રીમાળીનો કાર્યક્રમમાં સહયોગ રહ્યો હતો. આ કાર્યક્રમમાં ભજન સ્પર્ધા, આરતી સુશોભન સ્પર્ધા તેમજ ફૂલદાની સુશોભન જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી.

જેમાં આરતી સુશોભનમાં મીનાક્ષી પારેખ, ફૂલદાની સુશોભનમાં મીનાબેન શાહ અને ભજન સ્પર્ધામાં જીઈબી મહિલા મંડળ પ્રથમ સ્થાને, માઈ મંડળ દ્વિતિય સ્થાને તથા ફોરમ મંડળ તૃતીય સ્થાને વિજેતા બન્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા કન્વીનર હિરેન શાસ્ત્રીનો વિશેષ ફાળો રહ્યો હતો તેમજ રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહાન અને મિતુલ જોશી, શૈલેશભાઈ પવારે કાર્યક્રમને સફળ બનાવવામાં મુખ્ય યોગદાન આપ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. રબારી જીવણભાઈ જેઠાભાઈ, ઉ.વ. ૫૨
- સ્વ. હરીશ નવનીતલાલ ભટ્ટ, ઉ.વ. ૬૫
- સ્વ. ગજરાબેન અમથાજી બારોટ, ઉ.વ. ૮૯
- સ્વ. રવિન્દ્રભાઈ ડાહ્યાભાઈ મહેતા, ઉ.વ. ૬૩
- સ્વ. પટેલ નટવરભાઈ કાનદાસ, ઉ.વ. ૬૫
- સ્વ. હસમુખભાઈ કનૈયાલાલ જોશી, ઉ.વ. ૪૯